Synopsis

એમ. એસ. યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયમાં

પી. એચ. ડી. ની પદવી માટે રજૂ થનાર

શોધનિબંધની રુપરેખા

A SYNOPSIS OF THE THESIS TO BE SUBMITTED

FOR Ph. D DEGREE IN GUJARATI AT M. S. UNIVERSITY

VADODARA.

# 'વીસમી સદી' થી 'સંસ્કૃતિ' ના આરંભ સુધીના સમયગાળાના નોંધપાત્ર ગુજરાતી સાહિત્ય-સામયિકોનાં પ્રદાનનો સમીક્ષાત્મક અભ્યાસ.

'વીસમી સદી', 'સાહિત્ય', 'ગુજરાત', 'કૌમુદી', 'માનસી' અને 'પ્રસ્થાન'ના વિશેષ સંદર્ભમાં.


રજૂ કરનાર

પ્રા. કિશોર વ્યાસ

એમ. એમ. ગાંધી આર્ટ્સ અને કોમર્સ કોલેજ,

કાલોલ.

માર્ગદર્શક

ડૉ. રમણ સોની

રીડર

ગુજરાતી વિભાગ,

એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા.


નવેમ્બર ૧૯૯૫

o સાહિત્યના સામયિકો તે-તે સમયગાળાના સમગ્ર સાહિત્યક સંદર્ભના એક જીવંત આલેખરુપ હોય છે. એ માત્ર સર્જન-વિવેચનનું પ્રકાશન કરીને કે સમકાલીન સાહિત્યિક વાતાવરણનો પરિચય કરાવીને અટકી જતાં નથી. પરંતુ એ સમયગાળાના સાહિત્યિક વાદ વિદો તેમજ પ્રસ્તુત સર્જન પ્રયોગોની દિશા ચીંધી આપે છે ને એ રીતે સમગ્રલક્ષી ચિત્ર આંકે છે. સાથોસાથ એ સમાજલક્ષી બલકે સાંસ્કૃતિક ઘટનાઓના પણ વાહક બનતાં હોવાને લીધે એમાંથી તે તે યુગની ઝીણામાં ઝીણી લાક્ષણિકતાઓ ઉપસતી હોય છે, તેમજ ભવિષ્યના ઈતિહાસકારો માટેની મહત્વની કડીઓ એ ધ્વારા રચાતી રહેતી હોય છે.

o આપણાં મોટાભાગના સાહિત્ય-ઈતિહાસો મહદંશે તો સર્જન અને વિવેચનના પ્રકાશિત પુસ્તકો પર જ નિર્ભર રહેતા હોય છે. ને એથી એમાં લાંબાસમયખંડો યુગો નું એક વ્યાપક, સામાન્યીકૃત એવું ( જનરલાઈઝ્ડ) ચિત્ર જ દોરાતું હોય છે. સામયિકોનાં પાનાં પર એક સમયે એકસાથે ચાલતા સર્જન, વિવેચનના પ્રવાહો તેમજ વલણોનું એટલું સૂક્ષ્મ રેખાંકન થયેલું હોય છે કે વેરવિખેર પડેલી એ સાહિત્ય ઈતિહાસ રેખાઓને જોડવામાં આવે તો ઈતિહાસ-લેખનનાં કેટલાક રૂઢ વલણોને બદલી શકનારી, અનેક પરિમાણો ઉમેરી આપતી સંશુધ્ધિની સંભાવના ઉભી થાય.

સાહિત્ય-સામયિકોની આવી અનેક વિધ નોંધપાત્ર કામગીરી હોવાછતાં આપણા અભ્યાસીઓનું તેના પ્રત્યે વિશેષ ધ્યાન ખેંચાયુ નથી. સામયિકોને 'આપણો સાંસ્કૃતિક વારસો' કહયાં પછી પણ મોટાભાગના સામયિકોના દસ્તાવેજી મૂલ્યને અવગણ્યું છે બહુ જૂના જ નહીં, નજીકના ભૂતકાળનાં સામયિકો પણ સાચવ્યાં નથી. થોડા આશ્વાસન રૂપે વિજયરાય વૈદ્ય ધ્વારા મળતાં 'લીલાં સૂકાં પાન' (૧૯૪૩) ' ગુજરાતી પત્રકારિત્વનો ઈતિહાસ (૧૯૫૦)- ડૉ.રતન માર્શલ, ધીરુભાઈ ઠાકરનાં 'સુદર્શન' અને 'પ્રીયંવદા' (૧૯૬૨) તેમજ 'જ્ઞાનસુધા: સ્વાધ્યાય અને સૂચિ', 'સમલોચક' : સ્વાધ્યાય અને સૂચિ' (૧૯૮૭) અને ચી.ના. પટેલના 'બુધ્ધિપ્રકાશ': સ્વાધ્યાય અને સૂચિ' જેવાં વિગતલક્ષી પ્રકાશનો થયાં છે.

પરંતુ આપણા સાહિત્યિક પત્રકારત્વની દીર્ઘ પરંપરામાં ઉપરોક્ત અભ્યાસગ્રંથો પાશેરામાં પહેલી પૂણી જેવા ગણાય કારણકે હજુ પણ સુધારક યુગના, પંડિતયુગના તેમજ આધુનિકયુગનાં અનેક સામયિકો વિપુલ સામગ્રી સંઘરીને સંશોધનની રાહ જોતાં ધીરેધીરે લુપ્ત થવામાં ની દશામાં છે. એમનો વેળાસર અભ્યાસ કરવામાં નહીં આવે તો આ સાહિત્યિક વારસાને ગુમાવવાનું પ્રાયશ્ચિત કોઈપણ પેઢીને મોંઘુ પડશે.

o કોઈ એક સમયખંડ લઈને ગુજરાતી સામયિકોની ગતિવિધિ પર કામ કરવું હતું હાજી મહંમદ અલારખિયા શિવજીના 'વીસમી સદી' થી સાહિત્યિક પત્રકારત્વની એક વિશિષ્ટ દિશા ખૂલતી હતી. સાહિત્યિક ધોરણો સાથે બાંધછોડ કર્યા વિના પણ સાહિત્યનો પ્રભાવ વધુ વ્યાપક કરવો – લોકરુચિને સાહિત્ય તરફ વાળીને એનું પડતર કરવું એ એની વિશેષતા હતી. એ પછી તો, પંડિત યુગના આ અંતિમ ચરણથી માંડીને આખા ગાંધીયુગને સમાવતાં અનેકવિધ પ્રભાવક સામયિકો પ્રસર્યાં. અનુગાંધીયુગની પૂર્વ ક્ષિતિજે 'સંસ્કૃતિ' શરુ થયું – એક નવો વળાંક આવ્યો એ અર્થમાં આ ગાળાને એક વિશિષ્ટ એકમ ગણી એના પર કેન્દ્રિત થવાનું નકકી કર્યું.

o અભ્યાસને આ રીતે આયોજિત કર્યો છે. સાહિત્યિક પત્રકારત્વની સૈધ્ધાન્તિક રેખાઓને તેમજ 'વીસમી સદી' પહેલાંની સામયિક પ્રવૃત્તિને ભૂમિકારૂપે ચર્ચીને 'વીસમી સદી', 'સાહિત્ય', 'ગુજરાત', 'કૌમુદી', 'માનસી', 'પ્રસ્થાન', એમ છ પ્રમુખ સામયિકોની સામગ્રી, લાક્ષણિકતાઓ, સંપાદન-દૃષ્ટિકોણ અને પ્રદાન વગેરે પાસાઓને લક્ષમાં લઈ એ ઉપરાંત – નિકટવર્તી નિરીક્ષણ (ક્લોઝ રીડિંગ) કર્યું છે ને એ સમયના સાહિત્યિક વાતાવરણના સંદર્ભમાં અન્ય સામયિકો પર દૃષ્ટિપાત કર્યો છે. અંતે સામયિક પ્રવૃત્તિનું વિહંગાવલોકન કરીને ઉપસંહારમાં મહત્વનાં તારણો અને નિરીક્ષણો રજૂ કર્યાં છે.

પ્રત્યેક પ્રકરણની રુપરેખામાં ઉપરોક્ત અભ્યાસ મુદ્દાઓને વિસ્તારથી રજૂ કર્યા છે.

o કોઈ એક સમયખંડના સામયિકોનો સઘન અભ્યાસ કરીને એના પ્રદાનને સામયિકગત તેમજ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં તપાસીને અંતે મહત્વનાં પ્રતિપાદનો રજૂ કરવાનો આ પહેલો નમ્ર પ્રયાસ છે ને એ રીતે આ સંશોધન કાર્ય મૌલિક છે એ જણાવવાની આ તબકકે તક લઉં છું.

Kishore Vyas

– કિશોર વ્યાસ.